# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-04-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- **લોકસભાની ત્રીજા તબક્કાની સાતમી મેના રોજ યોજાનારી ગુજરાતની 26 સહિત 94 બેઠકો માટે આજે જાહેરનામું બહાર પડશે.**
- **લોકસભા ચૂંટણી સંદર્ભે ગુજરાતમાં ભાજપે કેન્દ્રીય મંત્રીઓ અને અગ્રણી નેતાઓના ઉમેદવારી પત્રો ભરવાની તારીખ જાહેર કરી છે**
- **રાજ્યમાં આગામી લોકસભા ચુંટણીમાં વધુ મતદાન થાય તે માટે વિવિધ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે**
- **વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યના કેટલાક ભાગોમાં ગરમીથી રાહત મળશે તો કેટલાક જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ થવાની સંભાવના**
- **નેશનલ માસ્ટર્સ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ગુજરાતના ખેલાડીઓએ 3 સુવર્ણ અને એક રજત ચંદ્રક જીત્યો છે.**

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# 3RD PHASE NOTIFICATION

લોકસભાની ત્રીજા તબક્કાની સાતમી મેના રોજ યોજાનારી ગુજરાતની 26 સહિત 94 બેઠકો માટે આજે જાહેરનામું બહાર પડશે. આ તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભા બેઠકોની ચૂંટણી યોજાશે.

જેમાં ગુજરાતની લોકસભાની તમામ 26 બેઠકો ઉપરાંત કર્ણાટકની 14 બેઠકો, મહારાષ્ટ્રની 11, ઉત્તરપ્રદેશની 10, મધ્યપ્રદેશની 8, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો તથા ગોવા અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની, બે-બે અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક માટે મતદાન થશે. આ તબક્કા માટે 19મી એપ્રિલ સુધી સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે જ્યારે 7મી મેના રોજ મતદાન થશે અને ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રીજા તબક્કામાં લોકસભાની 94 બેઠકોની સાથે ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી પોરબંદર, માણાવદર, વિજાપુર, ખંભાત અને વાઘોડિયા વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોવાથી અન્ય એક ખાલી પડેલી વિધાનસભા બેઠક વિસાવદર ઉપર પેટાચૂંટણી જાહેર થઇ નથી.

---

-રીપીટ

# GANDHINAGAR- ELECTION

લોકસભા ચૂંટણીને લઇને ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ડિસ્ટ્રિક્ટ કંટ્રોલ રૂમ, એક્સ્પેન્ડિચર મોનિટરિંગ સેલ શરૂ કરી દેવામાં આવ્યો છે. અમારા ગાંધીનગરના પ્રતિનિધી દુર્ગેશ મહેતા જણાવે છે કે, લોકસભા વિસ્તારમાં ૨૮ ફ્લાઈંગ સ્ક્વોડ અત્યારે કાર્યરત છે અને 28 સ્ટેટીક સર્વેલન્સ ટીમ સક્રિય થઇ ગઇ છે.

---

-રીપીટ

# 3RD PHASE NOTIFICATION-2

લોકસભા ચૂંટણી સંદર્ભે ગુજરાતમાં ભાજપે કેન્દ્રીય મંત્રીઓ અને પ્રમુખ નેતાઓના ઉમેદવારી પત્રો ભરવાની તારીખ નક્કી કરી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ 19 એપ્રિલે ગાંધીનગરથી, કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા 15 એપ્રિલે પોરબંદરથી, કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા 16 એપ્રિલે રાજકોટથી, કેન્દ્રીય રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણ 16 એપ્રિલે નડિયાદથી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ 18 એપ્રિલે નવસારીથી ઉમેદવારી પત્ર ભરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપે પોતાના 26 ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે.

તો આ તરફ રાજ્યમાં કોંગ્રેસ 24 બેઠકો પર ચૂંટણી જંગમાં ઝંપલાવશે.. બે બેઠક ભાવનગર અને ભરૂચ લોકસભા બેઠક ગઠબંધનથી આમ આદમી પાર્ટી સાથે જોડાયેલ છે જ્યારે રાજ્યની ચાર બેઠકો રાજકોટ, અમદાવાદ પૂર્વ, મહેસાણા અને નવસારી બેઠકો માટે કોંગ્રેસે ઉમેદવાર જાહેર કર્યા નથી.

અમદાવાદ આવેલા ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે જણાવ્યું કે, રાજ્યમાં બાકી રહેલી બેઠકો ઉપર ઉમેદવારોના નામની જાહેરાત ટૂંક સમયમાં કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આમ આદમી પાર્ટીએ ભરૂચ લોકસભા બેઠક પર ચૈતર વસાવા અને ભાવનગર લોકસભા બેઠક પરથી ઉમેશ મકવાણાને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.

---

-રીપીટ

# elections awareness

લોકસભા સામાન્ય ચૂંટણીને લઈને રાજ્યમાં મતદાર જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે. જે અંતર્ગત વડોદરા લોકસભા અને વાઘોડીયા વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ  વડોદરા શહેર જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજે વડોદરા જિલ્લાની દસ વિધાનસભા મતવિભાગની વિવિધ ૧૪ જેટલી શાળાઓના અંદાજે ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ માનવ સાંકળ રચી મતદાન જાગૃતિનો સંદેશો ફેલાવશે.

બીજી તરફ  ભાવનગર જિલ્લામાં વધુમાં વધુ મતદારો મત આપવા પ્રોત્સાહિત થાય તે હેતુથી ઘોઘા અને તળાજા ગ્રામ પંચાયત વિસ્તારમાં ગારબેજ કલેક્શન વાન મારફતે મતદાન માટે લોકોને અપીલ કરવામાં આવી રહી છે. તેવી જ રીતે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ સ્વીપ પ્રવૃતિ હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. આ સાથે ગત ચૂંટણીમાં ઓછું મતદાન થયું હતું, તેવા વિસ્તારોમાં મતદાન વધારવા માટે વિશેષ ઝુંબેશ ચલાવાઈ રહી છે.

જે અંતર્ગત રાજકોટ પૂર્વ વિધાનસભા મત વિસ્તારમાં ઘરે ઘરે જઈને આમંત્રણ પત્રિકાનું વિતરણ કરીને મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતા. જિલ્લાના  જેતપુર તાલુકાના અમરાપર ગામ ખાતે મતદાર જાગૃતિ અંગેની રેલી યોજાઇ હતી. રાજકોટના જસદણની ઈદગાહ મસ્જિદ ખાતે મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જસદણ વહીવટી તંત્ર દ્વારા રમજાનના તહેવારમાં સૌ મુસ્લિમ ભાઈઓએ દેશના મહાપર્વમાં મતદાન કરીને લોકશાહીને ઈદી આપવા અપીલ કરાઇ હતી.

---

-પીટીસી, ભાવનગર, રાજકોટ, વડોદરા, માહિતી, કરણ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# MAHISAGAR BIPIN PATEL

મહીસાગરના કલેશ્વરી ખાતે જિલ્લા તંત્ર દ્વારા મતદારોમાં જાગૃતિ કેળવવા માટે સ્વીપ પ્રવૃત્તિ અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઇ હતી.

આ સ્પર્ધામાં ચુનાવ કા પર્વ લોકશાહી કા ગર્વ, મારો મત એ જ મારું ભવિષ્ય, બુઢે હો યા જવાન સભી કરે મતદાન, મત સે મત ભાગો, પ્રથમ કર્તવ્ય વોટ, મત આપો દેશ બચાવો, દસ મિનિટ દેશ માટે જેવા મતદાન જાગૃતિના સંદેશ પાઠવતા ચિત્રો દોરવામાં આવ્યા હતા.

આ અંગે ચિત્ર કલાકાર બીપીન પટેલ પ્રોમાનો પ્રતિભાવ આપતા જણાવે છે કે,

## બાઈટ - બીપીન પટેલ, આર્ટીસ્ટ

------------------------------------------------------------------

-પીટીસી, મહીસાગર, ડીડી, વિધી -(નવીન)

# Weather

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યમાં આગામી બે ત્રણ દિવસ સુધી ગરમીથી રાહત મળી શકે છે. હવામાન વિભાગ અનુસાર કેટલાક જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.

હવામાન વિભાગ અનુસાર આજે અને આવતીકાલના રોજ રાજ્યના તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નથી. 14 એપ્રિલના રોજ દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, સુરત, નવસારી, વલસાડમાં હળવાથી મધ્ય વરસાદની સંભાવના છે. આ તરફ ગીર સોમનાથ, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં પણ છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. 15 એપ્રિલના રોજ ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર અને દાહોદમાં હળવો વરસાદ પડવાની સભાવના છે.

દરમ્યાન ગઇકાલે  અંબાજી, અરવલ્લી, છોટાઉદેપુર સહિત ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાગોમાં કમોસમી વરસાદ થયો હતો. અરવલ્લીના ભિલોડામાં કરા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વડાલી સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. ભરઉનાળે વરસાદ પડતા ખેતી પાકોમાં ભારે નુકશાનની ભીતિ સેવાઈ રહી છે. બીજી તરફ છોટા ઉદેપુર જિલ્લામાં બપોર બાદ કવાંટ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી નાં કડાકા સાથે ધોધમાર વરસાદ વરસી પડયો હતો. છોટા ઉદેપુર તાલુકાના મોટા રામપુરા ગામ વીજળી ત્રાડકતા એક મહિલાનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

---

-પીટીસી સાબરકાંઠા, છોટા ઉદેપુર, રીપીટ, કરણ, નવીન

# TABLE TENNIS

તેલંગાણા ખાતે રમાઈ રહેલી 30મી નેશનલ માસ્ટર્સ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ગુજરાતના ખેલાડીઓએ ત્રણ સુવર્ણ અને એક રજત ચંદ્રક જીત્યો છે.

પ્રસુન્ના પારેખે, શ્રદ્ધા માહેશ્વરી, શીતલ શાહ, રૂચિકા આચ્છા અને કૃપા શાહ સાથે મળીને 40 વર્ષથી વધુની ઉંમરની મહિલા ટીમ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

પ્રસુન્ના અને શીતલની જોડીએ આજ શ્રેણીમાં ડબલ્સ ઇવેન્ટમાં તેમજ પ્રસુન્ના અને વિરલ પટેલની જોડીએ મિક્સ ડબલ્સમાં સુવર્ણ જીત્યો છે. જ્યારે પ્રસુન્નાએ સિંગલ્સમાં રજત ચંદ્રક જીત્યો છે.

---------------------------------------------------------------------

-એજન્સી, કરણ, -(રમેશ)

# EID

રાજયભરમાં ગઈકાલે મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદ-ઉલ-ફિત્રની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ. ઇસ્લામ ધર્મના સૌથી પવિત્ર એવા રમઝાન માસની ઇદ નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ વિશેષ નમાજ અદા કરી હતી. બાદમાં ઇદની શુભેચ્છાની આપ-લે કરી શીર ખુરમા ખવડાવી એકબીજાના મોં મીઠા કરાવ્યા હતા.

પંચમહાલ જિલ્લામાં રમજાન ઈદની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગોધરા શહેરના ગોંદરા વિસ્તારમાં આવેલા ઈદગાહ મસ્જિદમાં ઈદની વિશેષ નમાજ અદા કરવામાં આવી હતી. અને એકબીજાને શીર ખુરમા ખવડાવી મોં મીઠા કરાવી ઈદની શુભેચ્છા પાઠવી હતી.

પાટણ જીલ્લામાં રમઝાન ઇદના પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. ઇદના પર્વને લઈને નાના બાળકો, યુવાનો અને વડીલો સૌ કોઈ નવા વસ્ત્રોમાં સજ્જ થઈ એકબીજાને ભેટીને ઈદ મુબારક પાઠવ્યા હતા. પાટણના ખાન સરોવર પાસે આવેલ ઇદગાહ ઉપરાંત શહેરની વિવિધ મસ્જિદોમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી ખુદાની બંદગી કરી હતી.

જામનગર શહેર સહિત જિલ્લામાં ઈદના પર્વની ભાઈચારાની અનોખી ભાવના સાથે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જામનગરની ઇદગા તથા વિવિધ મસ્જિદોમાં અને જિલ્લા જેલમાં મુસ્લીમ કેદી ભાઈઓ દ્વારા ઈદ-ઉલ-ફીત્રની નમાઝ અદા કરવામાં આવી હતી.અને એકબીજાને ગળે મળીને ઈદની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

---------------------------------------------------------------------

-પીટીસી, પંચમહાલ, પાટણ, જામનગર, રિદ્ધિ -(નવીન)

# Protection of Gir-Somnath lions

ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ગઈકાલે ગીર રક્ષિત વિસ્તારમાં 1 હજાર 534 ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવાનું કાર્ય પૂર્ણ કર્યું છે. આ પહેલનો હેતુ વન વિસ્તારમાં વન્યજીવો, ખાસ કરીને ગુજરાત અને ભારતના ગર્વ સમાન એશિયાટીક સિંહોની સુરક્ષામાં વધારો કરીને તેમને મૃત્યુ તથા ઇજાથી બચાવવાનો છે.

અમારા ગીર-સોમનાથના પ્રતિનિધિ જણાવે છે કે ગીર પૂર્વ વિભાગના સાવરકુંડલા તથા તુલસીશ્યામમાં 638 કૂવા અને ગીર પશ્ચિમ વિભાગના માળિયા, તાલાળા અને કોડિનારમાં 896 કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આર.આઇ.એલ.એ ગીરના રક્ષિત વિસ્તારમાં ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવા માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે જૂન 2021માં સમજૂતિ કરાર કર્યો હતો.

------------------------------------------------------------------------

-પીટીસી, ગીર-સોમનાથ, રિદ્ધિ -(નવીન)

# umiya foundation

અમદાવાદનાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનને ગુજરાતની પ્રથમ ISO: 2015 પ્રમાણિત સંસ્થાનું સન્માન મળ્યું છે.

અમદાવાદનાં જાસપુર ખાતે આવેલું વિશ્વઉમિયાધામ મંદિર શિક્ષણ, રોજગાર, આરોગ્ય, છાત્રાલય, અને રમતગમત સહિતની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે તરીકે કાર્યરત છે. આ સંસ્થાને ISO 2015ની માન્યતા મળતા ગુજરાતની પ્રથમ ISO 2015 પ્રમાણિત સંસ્થા બની છે.

---------------------------------------------------------------------

-હિંદુસ્તાન સમાચાર, કરણ -(નવીન)